અપીલ અરજી નં.૩૮૨ તા.૨૮–૧–૧૦

અરજદાર: શ્રીનરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકત:–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રીનરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી નોંધ નં.૧૨/૨૪૪૧ મિલ્કતની રીપેરીંગ અર્થેની અરજી તા.૫–૯–૦૯ વિષયમાં કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલઝોન (શહેર વિકાસ વિભાગ) માં મજકુર મિલ્કતમાં રીપેરીંગમાં ફકત ગાબડા, પ્લાસ્ટર, ફલોરીંગ અને પ્લાસ્ટર બહારથી કરવાની મંજુરી માંગેલ હતી. (૧) મજકુર મિલ્કતમાં છત પર ૧૦૦૦લીટરનો પાણીનો ટાંકો ગોઠવવાનું,ગ્રાઉન્ડ ફલોર પર બંને બાજુમાં મોટી સાઈઝનાં લોખંડનાં ગડર બેસાડવાનું તથા પશ્ચિમ વિભાગમાં ઈંટ રેતીનું ચણતર તથા દક્ષિણ વિભાગમાં સિમેન્ટનો કઠેરો બેસાડવાનું જણાવેલ ન હોય તેમ છતાં રીપેરીંગ ઉપરાંતનું કાર્ય કરેલું છે. જે અંગેની વધારાની મંજુરીની માહિતીની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૮૨/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી નોંધ નં.૧૨/૨૪૪૧ મિલ્કતની રીપેરીંગ અર્થેની અરજી તા.૫–૯–૦૯ વિષયમાં કાર્યપાલક ઈજનેરશ્રી , સેન્ટ્રલઝોન (શહેર વિકાસ વિભાગ) માં મજકુર મિલ્કતમાં રીપેરીંગમાં ફકત ગાબડા, પ્લાસ્ટર, ફલોરીંગ અને પ્લાસ્ટર બહારથી કરવાની મંજુરી માંગેલ હતી. (૧) મજકુર મિલ્કતમાં છત પર ૧૦૦૦લીટરનો પાણીનો ટાંકો ગોઠવવાનું,ગ્રાઉન્ડ ફલોર પર બંને બાજુમાં મોટી સાઈઝનાં લોખંડનાં ગડર બેસાડવાનું તથા પશ્ચિમ વિભાગમાં ઈંટ રેતીનું ચણતર તથા દક્ષિણ વિભાગમાં સિમેન્ટનો કઠેરો બેસાડવાનું જણાવેલ ન હોય તેમ છતાં રીપેરીંગ ઉપરાંતનું કાર્ય કરેલું છે. જે અંગેની વધારાની મંજુરીની માહિતીની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.૧૪૧૯ તા.૧૨/૧/૧૦ થી આપેલ માહિતી ના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૭ તા.૫–૨–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.૧૭૧૬ તા.૨–૩–૧૦થી પહોંચતી કરવામાં આવેલ માહિતીમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને પાઠવેલ તા.૧૨–૧–૧૦ના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૪૧૯ પત્યુત્તરની નકલ મોકલવામાં આવેલ.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી નોંધ નં.૧૨/૨૪૪૧ મિલ્કતની રીપેરીંગ અર્થેની અરજી તા.૫–૯–૦૯ વિષયમાં કાર્યપાલક ઈજનેરશ્રી , સેન્ટ્રલઝોન (શહેર વિકાસ વિભાગ) માં મજકુર મિલ્કતમાં રીપેરીંગમાં ફકત ગાબડા, પ્લાસ્ટર, ફલોરીંગ અને પ્લાસ્ટર બહારથી કરવાની મંજુરી માંગેલ હતી. (૧) મજકુર મિલ્કતમાં છત પર ૧૦૦૦ લીટરનો પાણીનો ટાંકો ગોઠવવાનું,ગ્રાઉન્ડ ફલોર પર બંને બાજુમાં મોટી સાઈઝનાં લોખંડનાં ગડર બેસાડવાનું તથા પશ્ચિમ વિભાગમાં ઈંટ રેતીનું ચણતર તથા દક્ષિણ વિભાગમાં સિમેન્ટનો કઠેરો બેસાડવાનું જણાવેલ ન હોય તેમ છતાં રીપેરીંગ ઉપરાંતનું કાર્ય કરેલું છે. જે અંગેની વધારાની મંજુરીની માહિતીની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે ઉપરોકત મિલ્કતમાં વધારાની મંજુરી આપવામાં આવેલ હોવાની કોઈ વિગત અત્રેના રેકર્ડ પર નથી. (૨)સિવીલ એન્જીનીયર શ્રી એન.આર.ગાયવાલાએ તા.૨–૯–૦૯ના રોજ રૂબરૂ મિલ્કતની સ્થળ તપાસના સર્ટીફીકેટ રીપોર્ટમાં જણાવેલ છે કે મજકુર મિલ્કત ગ્રાઉન્ડ ફલોર + બીજા ફલોર સુધી રહેવા લાયક નથી. જોખમકારક છે. અમો અરજદારની તા.૨૨–૯–૦૯ની અરજીમાં પણ મજકુર મિલ્કત ભયજનક બે માળ ઉતારવા પડે તેમ જણાવેલ છે. અને 'મિત્ર ચેનલ' ના તા.૧૯–૯–૦૯નાં પ્રસારણમાં પણ મજકુર મિલ્કતની જર્જરીતા ગંભીરતા જણાવેલ છે તેમ છતાં મજકુર મિલ્કતને તા.૫–૯–૦૯ ના રોજ રીપેરીંગની મંજુરી આપવામાં આવી જે અંગેની સ્પષ્ટતા કરતી માહિતીની નકલ આપવા વિનંતી છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે કોઈપણ મિલ્કતને રીપેરીંગની જરૂર જણાય ત્યારે મિલ્કતદારે રીપેરીંગની ફકત જાણ કરવાની હોય છે. જે મુજબ તા.૫–૯–૦૯ થી મિલ્કતદારે અત્રે અરજી કરી રીપેરીંગની જાણ કરેલ છે. (૩) મજકુર મિલ્કતને થોડાં જ દિવસમાં સિવિલ એન્જીનીયર શ્રી એન.આર. ગાયવાલાએ પોતાના સુપરવિઝનમાં મજકુર મિલ્કતને રીપેરીંગ કરાવડાવીને જાતે રહેવા લાયક બનાવી આપી, અને તેમનાંજ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટમાં જણાવ્યાનુસાર ૧૦૦૦ લીટર પાણીની પ્લાસ્ટીકની ટાંકીનું વજન મજકુર મિલ્કત વહન કરી શકે તેમ છે પરંતુ ૨૦૦૦ લીટર પાણીનાં ટાંકીનુ વજન મજકુર મિલ્કત વહન કરી શકે તેમ નથી. આ સિવીલ એન્જીનીયરનાં સર્ટીફીકેટને આપ સાહેબે મંજુર રાખેલા હોય જે અંગેની મંજુરીની લેખિતમાં ખુલાસા સહિતની બાંહેધરી આપતી માહિતીની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે આપે માંગેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર ન હોઈ તે આપી શકાય તેમ નથી. (૪) સિવીલ એન્જીનીયર શ્રી એન.આર. ગાયવાલાએ તા.૨–૯–૦૯ના રોજ મજકુર મિલ્કતનું ઈન્સ્પેકશન કરીને તા.૪–૮–૦૯ નાં રોજ સર્ટીફીકેટ આપ્યા અંગેનું જણાવેલ છે. આ વિરોધાભાસી તારીખો એટલા માટે સુસંગત નથી કે અમો અરજદારની તા.૨૨–૯–૦૯નાં રોજની અરજી મજકુર મિલ્કત બાબત કર્યાબાદ

અને   તા.૬–૧૦–૦૯નાં રોજ આરટીઆઈ એકટ ૨૦૦૫ અન્વયે નમુનો –ક ના નિયમ ૩(૧) હેઠળ માહિતી માંગ્યાબાદ પાછળથી રજુ  કરવામાં આવેલ હોય તેમ જણાવેલ છે. જેથી  સર્ટીફીકેટ સ્પષ્ટતા કરતી માહિતીની નકલ આપવા વિનંતી છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે આપે માંગેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર ન હોઈ તે આપી શકાય તેમ નથી. એવી માહિતી આપવામાં આવેલ. અરજદારે અપીલ અરજી તબકકે  મુદ્દા નં.૧ થી ૪ થી માંગેલ માહિતી બેજવાબદારી ભરેલી, અયોગ્ય અને  અપુરતી આપેલ છે. તથા સ્થળ તપાસ કર્યા વગર  માહિતી પુરી પાડેલ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ  એકટની કલમ–૨ (એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની  જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને  લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો  નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી  જાહેર  માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી  પુરી પડાયેલ   હોય  અરજી અંગે કાંઈ કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોયતો લાગત જાહેર માહિતી અધિકારીનો અગોતરો સમય હુકમ મળ્યાથી દિન–૭ માં મેળવી પશ્ન હેઠળની મિલ્કતની દફતરી તપાસણી કરવા તથા તેવી માંગેલ માહિતી પૈકીની નકલ ઉપલબ્ધ હોય તો મેળવવા સ્વતંત્ર છે. જે અંગે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદાર ધ્વારા તેવી માંગણી થયે જાહેર માહિતી  અધિકારીએ હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવાની રહેશે.

નં. આરટીઆઈ સેલ/  
તારીખ :   –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),  
અને એપેલેટ ઓફિસર  
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,  
(૧)  શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ....જાણ  તથા અમલ માટે.  
(૨)  શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર